ચિત્ર પર ચર્ચા સમયે ધ્યાનમાં રાખવાની બાબતો

ચિત્ર પર વાતચીત કરવાના વિવિધ સ્તર હોય છે જેમ કે, સરળ એટલે કે ચિત્રમાં જે દેખાય છે તેનું નામ જણાવવાથી લઈ – કાર્ય-કારણનો સબંધ જણાવવાથી લઈ, આરોપણ કરવાવાળા અને પોતાના અનુભવોથી જોડવા સુધીના હોઈ શકે. ચિત્ર પર વાતચીત કરવા માટે બાળકોને પોતાની ભાષા અને સંદર્ભનો ઉપયોગ કરવાની તક મળવી જોઈએ. શિક્ષક તરફથી એવા પ્રશ્નો પૂછવામાં આવે જેમાં બાળકોને ચિત્રો શોધવાં, તેના પર પોતાનો અનુભવ કહી શકે, ઘટનાઓ પર અનુમાન લગાવી શકે, એક ઘટનાથી બીજી ઘટના વચ્ચે સંબંધ જોડી શકે વગેરે તકો મળવી જોઈએ. વાતચીતની શરૂઆત એવા કેટલાક સરળ પ્રશ્નોથી કરવી જેથી બધાં બાળકો આ પ્રક્રિયામાં જોડાય અને વાતચીત શરૂ થઈ જાય.એના પછી એવા પ્રશ્નો જેને બાળક પોતાના પરિવારમાં અને આસપાસ થયેલ ઘટનાઓ સાથે જોડી શકે જેમ કે, આને તમે ક્યારે જોયું?, તમારા ઘરમાં આ કામ કોણ કરે છે? ત્યારબાદ એવા પ્રશ્નો પૂછી શકાય જેમાં બાળકોને તર્ક કરવાની, કલ્પના કરવાની, અનુમાન કરવાની તકો મળે. જેમ કે, બિલાડી ઝાડની પાછળ કેમ સંતાઈ ગઈ છે?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - "૨૦ પાના." ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૩૦૫ x ૪૫૭ એમ.એમ. બાઈન્ડીંગ : સ્પાઈરલ બાઈન્ડીંગ

રમતનું મેદાન

- ચિત્રમાં બાળકો કઈ કઈ રમતો રમતાં દેખાય છે ?
- ચિત્રમાં દેખાતી રમતોમાંથી કઈ કઈ રમતો તમે રમ્યાં છો ?
- રમતનું મેદાન કયાં આવેલું હશે ? કેટલાં બાળકો ક્રિકેટ રમે છે ?
- ચિત્રમાં બાળકો શું રમે છે? તમે ક્રિકેટ કયારે રમો છો? કેવી રીતે?
- બધાં જ બાળકો ખૂબ જ ખુશ કેમ દેખાય છે ? તેઓ નિશાળે જતાં હશે કે નહી ?
- બધાં જ બાળકોએ એકસાથે કોઈ રમત રમવી હોય તો કઈ રમત રમી શકાય ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

વરસાદ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

- આ ચિત્ર ક્યાંનું છે ? આ ચિત્રમાં બાળકો શું કરી રહ્યાં છે ?
- તમને વરસાદમાં નહાવાની મજા આવે છે ? વરસાદ આવે ત્યારે તમે શું શું કરો છો ?
- બે છોકરાઓ સાઇકલને ધક્કા કેમ મારે છે ?
- એક બહેન મકાઈનો ડોડો ખાય છે, તે ક્યાંથી લાવ્યાં હશે ?
- જો વરસાદ બંધ જ ન થાય તો લોકો ઘરે કેવી રીતે જશે ?
- બાઈક પાસે ઊભેલા ભાઈ શું વિચારતા હશે ?

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

નવરાત્રી

- આ ચિત્ર ક્યા તહેવારનું છે ? ચિત્રમાં લોકો શું કરી રહ્યાં છે ?
- તમે ક્યારે ક્યારે ગરબા રમો છો ?
- વચ્ચે શું રાખવામાં આવેલું છે ? આ ચિત્ર તમે જોયેલ ગરબા જેવું છે કે અલગ છે ? કેમ ?
- આ ચિત્ર દિવસનું હશે કે રાતનું હશે ? એવું તમને કેમ લાગે છે ?
- જે ભાઈના હાથમાં માઈક છે તે કયું ગીત ગાતા હશે ? તમને સૌથી વધારે કયું ગીત ગમે છે ?
- એક છોકરી એકલી કેમ રમે છે ?
- અત્યારે જો વરસાદ પડે, તો શું થાય ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મેળો

- આ ચિત્ર શેનું છે ? મેળામાં રમકડાંની દુકાન કેટલી છે ?
- તમે મેળામાં ક્યારે ગયા છો ? મેળામાં તમને સૌથી વધારે શું ગમે ?
- બંગડીવાળા ભાઈ સાથે છોકરી શું વાતો કરતી હશે ?
- આ મેળો ક્યાંનો હશે ? મેળામાં બીજું શું શું જોવા જેવું હશે ?
- આઈસક્રીમ લેતાં બાળકો શું વિચારી રહ્યાં હશે ?
- ફુગ્ગા લઈને છોકરો બીજે ક્યાં ક્યાં ફરવા જશે?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ગામ

- આ ચિત્રમાં કેટલા ઝાડ છે ? ચિત્રમાં બાળકો શું કરી રહ્યાં છે ?
- તમે કઈ કઈ રમતો રમો છો ? ચિત્રમાં તમને સૌથી વધારે શું ગમ્યું ?
- ચિત્રમાં દેખાતાં બેનના ટોપલામાં શું હશે ? તે કયાં જતાં હશે ?
- આ બન્ને ભાઈઓ શું વાતો કરી રહ્યાં હશે ?
- ખાટલામાં બેઠેલાં બાળકો શું વિચારી રહ્યાં હશે ?
- ખાટલા પર બેઠેલાં બાળકો અને નીચે રમતાં બાળકોનાં કપડાંમાં શું તફાવત છે ? એવું કેમ છે ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ખેતર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

- ચિત્રમાં શું શું દેખાય છે ? કેટલાં બાળકો છે ?
- તમે ક્યારેય ખેતરમાં ગયાં છો ?
- ચિત્રમાં શેનું ઝાડ છે ? બે છોકરીઓ શું કરતી હશે ?
- ખેતરમાં ટ્રેકટર શું કરે છે ?
- જો આંબાની ડાળ તૂટી જાય તો ? જો અહીંયાં વાવઝોડું આવે તો શું થાય ?
- હોજમાં નહાતાં બાળકો શું વિચારતાં હશે ? કૂતરો આંબા પર બેઠેલા છોકરા વિશે શું વિચારતો હશે ?
- હોજમાં નહાતાં બાળકો નહાયા પછી શું કરશે ?

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

બાળમેળો

- આ ચિત્રમાં તમને શું શું દેખાય છે ? આ ચિત્ર કયા સ્થળનું હશે ?
- તમારી શાળામાં ક્યારે બાળ-મેળો થયો છે ? આ ચિત્રમાં તમને સૌથી વધારે શું ગમ્યું ?
- ચિત્રમાં બે જોકર કેમ છે ? ચિત્રમાં દેખાતાં બે બાળકો શું વેચતાં હશે ?
- જે લોકો બહાર ઊભા છે તે શું વાતો કરતા હશે ? નીચે બેઠેલા છોકરાઓ તેમના ચહેરા પર શું કરાવી રહ્યા છે ?
- બધાં છોકરાં-છોકરીઓને મજા આવતી હશે કે નહીં ? તમને આ મેળામાં જવાનું ગમે ?
- મેળો પૂરો થઈ જશે પછી શું થશે ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શેરી

- આ ચિત્રમાં તમને કયાં-કયાં પ્રાણીઓ દેખાય છે ? કેટલાં લોકો ફોન પર વાતચીત કરે છે ?
- તમે ક્યારેય ઘર માટે કોઈ વસ્તુઓ લેવા ગયાં છો ? શું લેવા માટે ગયાં હતાં ?
- અહીં પાંચ-છ લોકો દેખાય છે, તેઓ શું વાત કરતાં હશે ? એક દાદા છાપું વાંચે છે, તો તે કયું છાપું હશે ?
- એક ભાઈ લારી લઈને આવી રહ્યા છે, તે શું વેચતા હશે ? છોકરો સાઇકલ લઈને ક્યાં જતો હશે ?
- ચિત્રમાં ભાઈ-બહેન ચોપડી લઈને બેઠાં છે, તેઓ શી વાત કરતાં હશે ?
- ચિત્રમાં એક દુકાન બંધ છે, તે કેમ બંધ હશે ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ઉત્તરાયણ

- ચિત્રમાં કેટલાં બાળકો પતંગ ઉડાડે છે ? ઘરની છત પર કોણ બેઠું છે ?
- તમને પતંગ ચગાવવો ગમે છે ? તમે ક્યારે પતંગ ચગાવો છો ?
- વાંદરો શું જોઈને હસતો હશે ?
- બાળકો પતંગના પેચ લડાવશે કે નહીં ?
- ચિત્રમાં છોકરો શું બતાવતો હશે ?
- પતંગ જો વાંદરાના હાથમાં આવી જાય તો શું થાય ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ધૂળેટી

- આ ચિત્ર કયા તહેવારનું છે ? ચિત્રમાં કેટલા છોકરા અને છોકરીઓ છે ?
- તમે ધુળેટીમાં કેવી રીતે રમો છો ? રમવા માટે ક્યાં જાઓ છો ?
- છોકરાં ધૂળેટી કયાં રમતાં હશે ? પાછળ ખેતરમાં કોણ ઊભું છે ?
- રંગ શેના બનેલા હશે ? ચિત્રમાં છોકરી કેમ ભાગી રહી છે ?
- જો રંગ કોઈની આંખોમાં પડે તો શું કરવું જોઈએ ?
- તમને કયાં રંગોથી રમવું ગમે ? પાછળ જે ઘર દેખાય છે તે કોનું હશે ? તેમાં તિરાડ કેમ પડી છે?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

રેલવે પ્લેટફોર્મ

- આ ચિત્ર કયાંનું છે ? ચિત્રમાં લોકો શું શું કરી રહ્યાં છે ?
- તમે કયારેય ટ્રેનમાં મુસાફરી કરી છે ? કયાં ગયા હતાં ?
- આ ટ્રેન કયાંથી આવતી હશે અને હવે કયાં જશે ?
- જે લોકો બાકડાં પર બેઠાં છે તેઓ કેમ ટ્રેનમાં નથી બેસતાં ?
- પ્લેટફોર્મ પર દેખાતી ચાની દુકાનમાં રોજ કેટલાં લોકો ચા પીતાં હશે ?
- તમને ટ્રેનમાં બેસીને ક્યાં ફરવા જવું ગમે?

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ટ્રાફિક સિગ્નલ

- આ ચિત્ર ક્યાંનું છે ? વચ્ચે સફેદ શર્ટવાળા ભાઈ કોણ છે ?
- તમે ક્યારેય ટ્રાફિક સિગ્નલ જોયું છે? ત્યાં શું શું થાય છે?
- બે બાજુ વાહનો કેમ ઊભાં છે ? લોકો કેમ સફેદ પટ્ટા પર જ ચાલે છે ?
- જો કોઈ વાહનચાલક લાલ સિગ્નલ હોય તો પણ વાહન ચલાવે તો શું થાય ?
- રસ્તાની બાજુમાં શાની દુકાન આવેલી છે ? દુકાનમાં શું શું મળતું હશે ?
- જો ટ્રાફિક સિગ્નલ ન બનાવવામાં આવે તો શું થાય ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે.સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

દરિયાકિનારો

- ચિત્રમાં તમને શું શું દેખાય છે ? બાળકો શું શું કરે છે ?
- ચિત્રમાં છોકરો ઊંટ પર બેઠો છે, તમને શાના પર બેસવું ગમે ?
- આ જહાજ ક્યાં જતું હશે ? હોડીમાં બેઠેલાં બાળકો જહાજ વિશે શું વિચારતાં હશે ?
- ચિત્રમાં જે ઝાડ દેખાય છે તે શાનું છે ? તે કેમ દરિયાકિનારે છે ?
- જો દરિયામાં પાણી વધી જાય તો શું થાય ?
- દરિયામાં નહાતાં બાળકો ઊંટ વિશે શું વિચારતાં હશે ?
- ચિત્રમાં બાળકો માટીનું ઘર બનાવ્યા પછી શું કરશે ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

બગીચો

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

- ચિત્રમાં કેટલાં બાળકોના હાથમાં ફુગ્ગો છે ? આઈસક્રીમવાળા ભાઈ પાસે કોણ કોણ ઊભું છે ?
- તમારા ઘર કે ગામની આજુબાજુમાં કોઈ બગીચો છે ? અહીં ચિત્રમાં દેખાય છે તેમાંથી તમને શું રમવું ગમશે ?
- આ બગીચામાં કેટલા હીંચકા હશે ? એક છોકરો વ્હીલચેરમાં કેમ બેઠો છે ?
- પીળા શર્ટમાં જે બાળક છે તે તેના પપ્પા પાસેથી શું માગી રહ્યો હશે ?
- બગીચામાં આટલાં બધાં બાળકો કેમ છે ?
- એક છોકરો બીજી છોકરી પાછળ ભાગે છે, તો છોકરી શું વિચારતી હશે ?
- અત્યારે વરસાદ પડે તો .....

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

પક્ષીઓની પાર્ટી

- ચિત્રમાં કયાં કયાં પક્ષીઓ દેખાય છે ? પક્ષીઓ શું કરે છે ?
- તમે કોઈના જન્મદિવસની પાર્ટીમાં ગયાં છો ? તમે ત્યાં શું શું જોયું હતું ?
- પોપટે પોતાનો જન્મદિવસ ક્યાં ઊજવ્યો હશે ? પક્ષીઓને શું શું ખાવા માટે આપ્યું હશે ?
- બધી સજાવટ કોણે કરી હશે ?
- ચામાચીડિયું કેવી રીતે પોતાની થાળી કે ડીશ પકડશે ?
- પોપટે મોરને બોલાવ્યો નથી તો હવે મોર શું વિચારતો હશે ?
- કેક કાપ્યા પછી પક્ષીઓ શું કરશે ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

બજાર

- આ ચિત્ર ક્યાંનું છે ? ચિત્રમાં તમને કેટલાં બાળકો દેખાય છે ?
- તમે આઈસક્રીમ ખાધો છે? તમને કયો આઈસક્રીમ સૌથી વધારે ભાવે છે ? ચિત્રમાં તમને કયો આઈસક્રીમ દેખાય છે ?
- બધી વસ્તુઓ કેમ પડી ગઈ છે ?
- દુકાનવાળાભાઈ કેમ દુકાન બંધ કરી રહ્યા છે ?
- ચિત્રમાં દેખાતાં બેન બે હાથ ઊંચા કરીને કોને બોલાવતાં હશે ?
- ચિત્રમાં દેખાતા આખલાઓને કોઈ છોડાવશે કે તેઓ લડતા જ રહેશે ? કેમ ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મીઠાઈની દુકાન

- આ ચિત્ર કયાં સ્થળનું છે ? ચિત્રમાં તમને કોણ કોણ દેખાય છે ?
- તમે કયારેય મીઠાઈ લેવા માટે ગયા છો ? તમને સૌથી વધારે કઈ મીઠાઈ ભાવે છે ?
- ચિત્રમાં તમને કઈ કઈ મીઠાઈ દેખાય છે ? ચિત્રમાં ભાઈ શું બનાવે છે ?
- ટેબલ પર ભાઈ-બહેન શું ખાય છે ? તેમણે તે ક્યાંથી ખરીદ્યું હશે ?
- આ દુકાનમાં બીજું શું શું મળતું હશે ? આ દુકાનની બહાર શું હશે ?
- બહેનના હાથમાં જે બાળક છે તે કેમ રડતું હશે ?
- તમે મીઠાઈની દુકાન બનાવો તો શું શું રાખશો ?

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે,સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ચિત્રવાર્તા - ૧

ચિત્રવાર્તા - ૨